प्रेस प्रकाशन

# ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : **www.rbi.org.in**

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 01 ફેબ્રુઆરી 2017

## આરબીઆઈ વર્ચ્યુઅલ કરન્સી ના વપરાશકર્તાઓ ને ચેતવણી આપે છે

ભારતીય રિઝર્વ બેન્કે તેના તારીખ 24 ડીસેમ્બર 2013 ના પ્રેસ પ્રકાશન દ્વારા બીટકોઈન સહિત ની વર્ચ્યુઅલ કરન્સી ના વપરાશકર્તાઓ, ધારણકરનારાઓ અને વેપારીઓ ને સંભવિત નાણાકીય, ઓપરેશનલ, કાનૂની, ગ્રાહક સુરક્ષા અને સલામતી સંબંધિત જોખમો કે જેનો તેઓ સામનો કરી રહ્યા છે તેના વિષે ચેતવણી આપેલી હતી.

ભારતીય રિઝર્વ બેંક જણાવે છે કે તેણે કોઈપણ સંસ્થા / કંપની ને આવી યોજનાઓ ના સંચાલન અથવા બિટકોઇન કે અન્ય કોઈ વર્ચ્યુઅલ કરન્સી ના વેપાર માટે કોઈપણ પ્રકાર નું લાયસન્સ / અધિકાર આપેલ નથી. આથી, વર્ચ્યુઅલ કરન્સી નો વ્યવહાર/ વેપાર કરતા કોઈપણ વપરાશકર્તા, ધારણકર્તા, રોકાણકાર, વેપારી વગેરે તેમના પોતાના જોખમે તેમ કરી શકશે.

જોસ જે. કત્તુર

મુખ્ય મહાપ્રબંધક

પ્રેસ પ્રકાશન: 2016-2017/2054